**ઇ-મેઇલ દ્વારા**

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૫૧૧/૨૨, તા.૦૫/૦૯/૨૦૨૨

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૨૯/૦૮/૨૦૨૨ થી તા.૦૪/૦૯/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( એ.એમ.સૈયદ)**
I/C નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

**બોરતળાવ પોલીસ સ્ટેશન**
**ભાવનગર શહેર**
**પ્રેસ નોટ**
**પ્રેસ નોટ.૨૨/૦૮/૨૦૨૨**

आज़ादी का अमृत महोत्सव

# ગુમ બાળકિશોરી જાનવીને ગણતરીના કલાકોમા શોધી કાઢી તેના માતા-પિતાને સુપ્રત કરતી બોરતળાવ પોલીસ ટીમ

ગઇ તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ ગુમ થયેલ બાળકિશોરી જાનવી પોતાના ઘરે તેમના દાદીને ટયુશન જવાનુ કહી બપોરના ચારેક વાગે પોતાની જાતેથી પોતાના ઘરેથી નીકળી સાંજ સુધી ઘરે પરત નહી થતા તેમના માતા-પિતા મજુરી કામ ઉપરથી સાંજના ઘરે આવતા તેમની દિકરી ઘરે હાજર ન હોય અને જાનવી અંગે ઘરે પુછપરછ કરતા ટયુશન જાવ છુ તેમ કહી પોતાના ઘરેથી ગયેલ હોવાની વાત કરતા જાનવી કોઇ ટયુશન બંધાવેલ ન હોય જેથી તેમની દિકરી ઘરેથી ખોટુ બોલી કયાંક જતી રહેલ હોય જે અંગે તેમના પિતા બોરતળાવ પોલીસ સ્ટેશન ખાતે આવી હકીકત જણાવતા સદરી બાબતે ઉપરી અધિકારીશ્રીને સદર હકીકતથી વાકેફ કરેલ હતા.

આ બાબતે આ ગુમ થનાર બાળ કિશોરી જાનવીબેન ડો/ઓ લલીતભાઇ ચૌહાણ, ઉ.વ. ૧૬, રહે. ચિત્રા, સીદસર રોડ, ફિલ્ટરની ટાંકી સામે, મફતનગર, ભાવનગર વાળીને તાત્કાલીક યુધ્ધના ધોરણે શોધી લાવવા બાબતે જીલ્લા પોલીસ વડા ડો. શ્રી રવીન્દ્ર પટેલ સાહેબ નાઓએ આની ગંભીરતા લઇને તાત્કાલીક આ ગુમ થનાર બાળકિશોરીની ભાળ મેળવવા સારૂ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી સફીન હસન સાહેબ નાઓને અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવા સારૂ સુચના આપી આ તપાસ ઉપર સીધી મોનટરીંગ કરી/કરાવી, બોરતળાવ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી જે.આર.ભાચકન સાહેબ નાઓને સખ્ત સુચના આપી પરિણામ લક્ષી કામગીરી કરવા સુચના કરતા બોરતળાવ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી એસ.એમ.યાદવ સાહેબ તથા પ્રજ્ઞેશભાઇ પંડયા, એલ.સી.બી. ટેકનીકલ સેલ ભાવનગર નાઓની મદદથી બાળકિશોરીના મોબાઇલ નંબરનુ લાઇવ લોકેશન મેળવી આ ગુમ થનાર બાળકિશોરીનો પત્તો મેળવીને તેની પુછપરછ કરતા બે દિવસ અગાઉ સ્કુલમા લેશન વધારે આપેલ હોય સ્કુલમા ગયેલ ન હોય અને તેમના ઘરે સ્કલે ગયેલ હોવાની વાત કહેલ હોય જેથી તેમના ઘરે જાણ થશે તો તેવી બીકના કારણે તેની મરજીથી પોતાના ઘરેથી ટયુશન જવાનુ કહી એકલી નીકળી જઇ ભાવનગર શહેરમા આમતેમ ફરી બાદ રીક્ષામા બેસી ખોડીયાર મંદીર ખાતે ગયેલ હોવાની હકીકત તપાસમા ફલિત થયેલ છે. ગુમ થનાર બાળ કિશોરી જાનવીને તેના પરિવાર સાથે મિલન કરાવીને પોલીસ પ્રજાનો મિત્ર છે. તેવી પ્રતીતી કરાવતી બોરતળાવ પોલીસ ટીમ

**સારી કામગીરી કરનાર ટીમ.:-**

આ સમગ્ર કામગીરીમાં બોરતળાવ પોસ્ટેના ઇ.પો.ઇન્સ. શ્રી જે.આર.ભાચકન સાહેબ તથા પો.સ.ઇ.શ્રી એસ.એમ.યાદવ તથા પ્રજ્ઞેશભાઇ પંડયા, એલ.સી.બી. ટેકનીકલ સેલ ભાવનગર તથા બોરતળાવ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના માણસો જોડાયા હતા.

